# BUSINESS મિત્ર

# બ્રોડર માર્કેટમાં રીકવરી, ક્રુડમાં 8 ટકાનો ઘટાડો

**જુલાઇ** સિરીઝ પુર્વે શેરબજારમાં શોર્ટ કવરીંગ શરૂ થયું, નિફ્ટી 24000ની નજીક

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 27:** ભારતીય શેરબજારમાં છેલ્લા પાંચ સેશનના ઘટાડાને બ્રેક વાગી હતી, આજે ફરીથી સુધારો જોવાયો હતો. આ રેલી હકારાત્મક વૈશ્વિક સંકેતોથી પ્રેરિત હતી, કારણ કે પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો, જેના કારણે વૈશ્વિક બજારોમાં જોખમી રહ્યા હતા. આ ઉપરાંત, યુએસ ડોલર સામે રૂપિયાની મજબૂતી અને ચાલુ કવાર્ટરલી કમાણીની સીઝનની આસપાસના આશાવાદ દ્વારા સેન્ટિમેન્ટને વધુ ટેકો મળ્યો હતો. નિફ્ટી જુલાઇ સિરીઝ એકસપાયરી પુર્વે શોર્ટ કવરીંગ શરૂ થઇ હતી અને બજાર રીકવર થતું જોવા મળ્યું હતું. આજે નિફ્ટી 24000 પોઇન્ટની નજીક બંધ રહેવા પામી હતી.

કોમોડિટીઝ બજારમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 8.62 ડોલર એટલે કે 8.91 ટકા ઘટીને 88.16 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો. જેના લીધે રૂપિયો પણ મજબૂત થયું છે.

બીએસઇ સેન્સેક્સ 776.01 પોઇન્ટ એટલે કે 1.02 ટકા વધીને 76835.78 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76901 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76517 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઇન્ટની નજીક બંધ રહી હતી. આજે નિફ્ટી 228.50 પઇન્ટ એટલે કે 0.96 ટકા વધીને 23995.95 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24011 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23891 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 393.70 પોઇન્ટ એટલે કે 0.69 ટકા વધીને 57000 પોઇન્ટની સપાટી કુદાવીને 57087.20ના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે આઇડીએફસી ફર્સ્ટ બેન્કમાં 12.32 ગણા, ક્રેડિટએક્સેસ ગ્રામીણમાં 11.54 ગણા, પીડીલાઇટ ઇન્ડ.માં 7.69 ગણા, લોરસ લેબ્સમાં 7.33 ગણા અને સેફાયર ફુડસમાં 5.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રેડિટએસેસ ગ્રામીણમાં 12.96 ગણા, આઇડીએફસી ફર્સ્ટ બેન્કમાં 10.99 ગણા, કેફિન ટેનોકમાં 8.2 ગણા, લેટન્ટ વ્યૂમાં 6.39 ગણા અને ગોડફ્રે ફિલિપ્સમાં 6.34 ગણા કામકાજ નોંધાયા છે.

લાર્જકેપની સાથે બ્રોડર માર્કેટમાં પણ સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.13 ટક અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.34 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઇ ખાતે 2782 શેરો વધ્યા હતા, જ્યારે 1574 શેરો ઘટ્યા હતા, જ્યારે 207 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઇન્ડેકસ 2.39 ટકા વધ્યા હતા. જેમાં પીવીઆર આઇનોક્સ, સારેગામા ઇન્ડિયા, ઝી એન્ટર, ટીપ્સ મ્યુઝીક, હેથવે કેબેલ, નેટવર્ક 18 મીડિયા, સન ટીવી નેટવર્ક અને નઝારા ટેકનો આગળ વધ્યા હતા. બીજી બાજું પ્રાઇમ ફોક્સ અને ડીબી કોર્પ નીચે છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એશિયન બજારોમાં ઉંચા બંધ રહ્યા હતા. કારણ કે સપ્તાહના અંતમાં યુએસ-ઈરાન દુશ્મનાવટમાં વિરામના અહેવાલો પછી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. ક્રુડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડા સાથે ભૌગોલિક રાજકીય તણાવમાં ઘટાડો થવાથી વૈશ્વિક બજારોમાં જોખમ વધ્યું છે.

નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિકસ દ્વારા સોમવારે બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર જુનમાં ચીનનો ઔધ્યોગિક નફો એક વર્ષ અગાઉની તુલનામાં 15.1 ટકા વધ્યો હતો, જે સતત બીજા મહિને ધીમો પડ્યો હતો. સિંગાપોર મેનીટરી ઓથોરિટીએ ક્રુડના ભાવમાં સંભવિત ઉછાળાથી ફુગાવાના દબાણ સામે તરીકે સોમવારે બીજી સીધી બેઠક માટે નાણાકીય નીતિને કડક બનવી હતી. સ્થાનિક ફુગાવો ઘટ્યો હોવા છતાં, મુખ્ય ફુગાવો આવાસ અને ખાનગી પરિવહન ખર્ચને બાદ કરતાં મે મહિનામાં 1.4 ટકાથી જુનમાં 1.6 ટકા સુધી પહોંચ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.46 ટકા, કેક 0.91 ટકા અને ડેક્સ 1.67 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.49 ટકા, સ્ટ્રેઇટસ 0.57 ટકા, હેંગસેંગ 0.97 ટકા, કોસ્પી 0.96 ટકા અને શાંઘાઇ 1.14 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઇવાન 0.05 ટકા અને જકાર્તા 0.17 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો ઉછળીને 96ની નીચે સરક્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 27:** આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઇલના ભાવમાં આઠ ટકાથી વધુનો ઘટાડો થવાના કારણે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો મજબૂત બંધ રહ્યો હતો, જેના લીધે રૂપિયો 96ની નીચે સરકી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 66 પૈસા ઉછળીને 9ક.91ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.57ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.98, પાઉન્ડ 127.88, કેનેડિયન ડોલર 68.02, ઓસ્ટ્રેલિયન ડોલર 67.13, જાપાનીઝ યેન 0.5859 અને સીંગાપોર ડોલર 74.34ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.91 રૂ. |
| યુરો | 108.98 રૂ. |
| પાઉન્ડ | 127.88 રૂ. |
| યેન | 0.5859 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 776.01 | 76825.78 |
| નિફ્ટી | 228.50 | 23995.05 |
| બેન્ક નિફ્ટી | 393.70 | 57087.20 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.66 | 295.85 |
| ઇન્ટરગ્લોબ | 4.91 | 5230.00 |
| ઇન્ફોસીસ | 3.68 | 1079.20 |
| બજાજ ફાઇ. | 3.51 | 1048.30 |
| શ્રીરામ ફાઇ. | 3.29 | 1038.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 4.10 | 238.56 |
| એચડીએફસી બેન્ક | 0.44 | 739.55 |
| HDCF લાઇફ | 0.40 | 552.85 |
| સીપલા | 0.09 | 1409.40 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.08 | 1150.80 |

**સેન્સેક્સ**


**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇર્ટનલ | 5.63 | 295.75 |
| ઇન્ટરગ્લોબ | 4.94 | 5231.10 |
| ઇન્ફોસીસ | 3.66 | 1079.05 |
| બજાજ ફાઇ. | 3.50 | 1048.05 |
| એશિયન પેઇન્ટસ | 2.87 | 2714.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 0.41 | 739.55 |
| પાવરગ્રીડ | 0.17 | 287.80 |
| એક્સીસ બેન્ક | 0.05 | 1227.50 |

# કોઈની સામે ન ઝૂકનારા નરેન્દ્ર મોદીને જેનઝીના આંદોલને ઝૂકવાની ફરજ પાડી



વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમના જિદ્દી અને મક્કમ સ્વભાવ માટે જાણીતા છે. ગુજરાતનાં મુસ્લિમ-વિરોધી રમખાણો હોય કે દિલ્હીમાં ચાલેલું સુદીર્ઘ કિસાન આંદોલન હોય, તેઓ પોતાના રાજકીય વિરોધીઓ સામે ક્યારેય ઝૂક્યા નથી. જંતર-મંતર પર જ્યારે વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થયું ત્યારે શરૂઆતમાં મોદીએ તેની ઉપેક્ષા જ કરી હતી. તેમને લાગતું હતું કે સોનમ વાંગચુક પોતાના અનશન પૂર્ણ કરશે, ત્યારબાદ વિદ્યાર્થીઓ કંટાળીને પોતાનું આંદોલન સમેટી લેશે. પરંતુ સોનમ વાંગચુકના પારણા પછી આંદોલન વધુ ઉગ્ર બન્યું, જેની કલ્પના કોઇએ કરી નહોતી.

૨૦ જુલાઈના રોજ જંતર-મંતર પર લાઠીચાર્જ કરાવવા પાછળનો ઇરાદો વિદ્યાર્થીઓને ડરાવીને આંદોલન તોડી પાડવાનો હતો, પરંતુ તે પગલું બૂમરેંગ સાબિત થયું. જે વિદ્યાર્થી આંદોલનની શરૂઆતમાં જનતા દ્વારા ઉપેક્ષિત રહ્યું હતું, તેને અચાનક સહાનુભૂતિનો લાભ મળ્યો અને જંતર-મંતર પર હજારોની સંખ્યામાં યુવાનોનાં ટોળાં ઉમટવા લાગ્યાં. જે જન-ઝી જંતર-મંતર પર પહોંચી શકી નહોતી, તેણે સોશિયલ મીડિયામાં પ્રચારનો એવો મારો ચલાવ્યો કે મોદી પણ તેનાથી હચમચી ગયા.

યુવાનોના રોષને શાંત પાડવા મોદી મધરાતે ઇન્સ્ટાગ્રામ પર આવ્યા હતા અને 'ફ્રેન્ડ્સ' કહીને યુવાનોનું દિલ જીતવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો, કારણ કે યુવાનો દ્વારા તેમની ફ્રેન્ડ રિક્વેસ્ટને નકારી દેવામાં આવી હતી અને તેમની ઇન્સ્ટાગ્રામ રીલની સોશિયલ મીડિયામાં મજાક ઉડાવવામાં આવી હતી. બીજી તરફ સમગ્ર સોશિયલ મીડિયામાં મોદી સરકાર વિરુદ્ધનો પ્રચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયો હતો.

શનિ-રવિની રજાના દિવસો હોવાથી જંતર-મંતર પર લાખો યુવાનો ભેગા થાય અને સોમવારે સંસદ તરફ કૂચ કરે તેવી આશંકા ઊભી થઈ હતી. આ ભયને ટાળવા મોદી પોતાના રાજકીય જીવનમાં પહેલી વાર ઝૂક્યા હોવાનું કહેવાય છે અને તેમણે ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પાડી હતી. મોદીની આ પીછેહઠથી ઉત્સાહિત બનેલા યુવાનોએ જંતર-મંતર પર તેની ભવ્ય ઉજવણી કરી હતી. હવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે લોહી ચાખેલા વાઘની જેમ યુવાનો ભવિષ્યમાં જે કોઈ માગણી કરશે, તેને સ્વીકારવાની સરકાર પર ફરજ પડશે. જન-ઝીએ પુરવાર કર્યું છે કે પ્રચાર માધ્યમોના અસરકારક ઉપયોગથી સરકારને પણ ઝૂકાવી શકાય છે.

લગભગ એક મહિના પહેલાં શરૂ થયેલું આ આંદોલન ૨૦ જુલાઈના રોજ હિંસક બન્યું, જ્યારે પોલીસે વિદ્યાર્થીઓને સંસદ તરફ કૂચ કરતાં અટકાવવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો. નિ:શસ્ત્ર વિદ્યાર્થીઓ પર પેલેટ ગનના ઉપયોગથી સંવેદનશીલ નાગરિકો હચમચી ઊઠ્યા હતા. આ હિંસાના દૃશ્યો ઝડપથી સોશિયલ મીડિયા અને ન્યૂઝ મીડિયામાં ફેલાઈ ગયા. પરિણામે વિદ્યાર્થીઓ પ્રત્યે વ્યાપક જાહેર સહાનુભૂતિનો માહોલ સર્જાયો. ઘણા બોલિવૂડ કલાકારોએ પણ વિદ્યાર્થીઓને પોતાનો ટેકો જાહેર કર્યો, જ્યારે પોલીસ કાર્યવાહીની વ્યાપક ટીકા થઈ. વિદ્યાર્થીઓના સમર્થનમાં વિપક્ષી સાંસદો પણ આગળ આવ્યા. તેમણે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે સંસદની કાર્યવાહીમાં વિક્ષેપ પાડ્યો. અઠવાડિયાના અંત સુધીમાં આ વિરોધ પટના, મુંબઇ અને કોલકાતા સહિત દેશના અનેક મોટા શહેરોમાં ફેલાઈ ગયો હતો, જેમાં હજારો યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. કહેવાય છે કે મોદી શિક્ષણ મંત્રીનું રાજીનામું ન લેવાના મુદ્દે મક્કમ હતા, પરંતુ આર.એસ.એસ.નો આદેશ મળતાં તેમને પોતાની જિદ્દ છોડવાની ફરજ પડી હતી.

જંતર-મંતરની આ હારને વડા પ્રધાન મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાજકીય સ્થાન માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. બાહ્ય દબાણ હેઠળ કોઈ મંત્રી રાજીનામું આપે, તે મોદીની રાજકીય કાર્યશૈલી સાથે સુસંગત માનવામાં આવતું નથી. ભાજપ ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશમાં મહત્ત્વપૂર્ણ ચૂંટણીઓનો સામનો કરશે, જ્યાં યુવાનોની રોજગારીનો મુદ્દો મોટી સંખ્યામાં યુવા મતદારો માટે ચિંતાનો વિષય છે. આવતાં વર્ષે ગુજરાત, પંજાબ અને ઉત્તરાખંડમાં પણ ચૂંટણીઓ યોજાવાની છે. શનિવારે જ્યારે શિક્ષણ મંત્રીના રાજીનામાના સમાચાર જંતર-મંતર પહોંચ્યા, ત્યારે વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.




કોક્રોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે દેશના યુવાનો જાગી ગયા છે અને તેઓ પરિવર્તન માટે લડતા રહેશે. વિશ્લેષકોના મતે, મોદી માટે વધુ ચિંતાજનક બાબત એ છે કે વિરોધીઓનો ગુસ્સો હવે માત્ર પેપર લીકના મુદ્દા પૂરતો મર્યાદિત રહ્યો નથી. આ ચળવળ જન-ઝીમાં વ્યાપક અસંતોષને પ્રતિબિંબિત કરે છે, જેમાં વધતી જતી બેરોજગારી અને દેશની ૩૭ કરોડ યુવા વસ્તી માટે સારા પગારવાળી નોકરીઓનો અભાવ પણ સામેલ છે. યેલ યુનિવર્સિટીમાં દક્ષિણ એશિયન અભ્યાસના પ્રોફેસર સુશાંત સિંહે ફાઇનાન્સિયલ ટાઇમ્સને જણાવ્યું હતું કે મોદી હવે આ વિરોધ પ્રદર્શનોનું મુખ્ય લક્ષ્ય બની ગયા છે. આ ભીડમાં મોટી સંખ્યામાં એવા લોકો પણ હતા, જેમણે મોદીને મત આપ્યો હતો. મોદીએ તેમને અનેક વચનો આપ્યાં હતાં. હવે તેમને લાગે છે કે મોદીએ તેમનો વિશ્વાસ તોડ્યો છે અને પોતાનાં વચનો પૂરાં કર્યા નથી. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા કરાયેલા એક અભ્યાસ મુજબ ૧૫થી ૨૫ વર્ષની વયના લગભગ ૪૦ ટકા સ્નાતકો બેરોજગાર છે. જે લોકો નોકરી કરે છે, તેમાંથી પણ માત્ર થોડા જ યુવાનો નિયમિત નોકરી ધરાવે છે અને તેનાથી પણ ઓછા લોકોને સામાજિક સુરક્ષા જેવા લાભો મળે છે.

રાજકીય સમીક્ષક નીલાંજન મુખોપાધ્યાય કહે છે કે ભાજપને હજુ સુધી યુવાનો સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે સમજાયું નથી. આ પેઢી હવે ભાજપને કઠિન પ્રશ્નો પૂછી રહી છે અને ડરવાનો સ્પષ્ટ ઇનકાર કરી રહી છે. પહેલી વાર ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ વર્ષના યુવાનોમાં વડા પ્રધાન, વરિષ્ઠ પ્રધાનો અને સરકાર પ્રત્યે આટલો તીવ્ર ગુસ્સો જોવા મળ્યો છે. તેમનામાં રહેલો ડર દૂર થઇ ગયો છે અને તેઓ સોશિયલ મીડિયામાં ખુલ્લેઆમ પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. મારા મત મુજબ, અગાઉ કોઈ ભારતીય વડા પ્રધાન સામે આટલો વ્યાપક જાહેર ગુસ્સો જોવા મળ્યો નથી. કટોકટી બાદ ઇન્દિરા ગાંધીની ટીકા અને મજાક થઇ હતી, પરંતુ આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી નહોતી. યુવાનો સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા કે, "જ્યારે પણ મોદી ડરે છે, ત્યારે તેઓ હિન્દુ-મુસ્લિમનો મુદ્દો આગળ ધપાવે છે." મેં આ દૃશ્ય પહેલી વાર જોયું. યુવાનો તરફથી આ પડકાર હોવા છતાં, શું આપણે એમ માની લઈએ કે મોદી રાજકીય રીતે નબળા પડી રહ્યા છે? બે મહિના પહેલાં જ ભારતના ચોથા સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય પશ્ચિમ બંગાળમાં ભાજપે પહેલી વાર જીત મેળવી હતી. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની હોવાથી મોદી પાસે યુવાનોના ગુસ્સાને શાંત કરવા માટે હજુ પૂરતો સમય છે અને ત્યારબાદ ફરી એક વખત મતદારો સમક્ષ જવાની તક પણ છે. નીલાંજન મુખોપાધ્યાયના મતે સમય તો છે, પરંતુ સરકાર હજુ પણ આ મુદ્દે પૂરતી ગંભીર જણાતી નથી. મોદીએ ધર્મેન્દ્ર પ્રધાનના સ્થાને શિક્ષણ મંત્રી તરીકે જે વ્યક્તિની નિમણૂક કરી છે, તે સરકારની ગંભીરતા પ્રતિબિંબિત કરતી નથી. શિક્ષણ સચિવ તરીકે નિયુક્ત કરાયેલા અધિકારીની પસંદગી પણ એ જ સંદેશ આપે છે. બંને સામે અનેક ગંભીર આરોપો હોવાનું કહેવાય છે. યેલ યુનિવર્સિટીના સુશાંત સિંહના જણાવ્યા મુજબ ભારતના આર્થિક મોડેલ વિશે અનેક પ્રશ્નો ઊભા થયા છે, જેના જવાબ આપવાની જરૂર છે. ઉચ્ચ આર્થિક વૃદ્ધિના આંકડાઓ છતાં ભારત હજુ સુધી જરૂરી રોજગારીની તકો, સામાજિક પ્રગતિ અને વ્યાપક આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી શક્યું નથી. આ આંદોલન ભારતની શિક્ષણ પ્રણાલીની સ્થિતિ પ્રત્યે વધતા અસંતોષને સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે. જ્યારે અંદાજે ૭ ટકાના આર્થિક વિકાસ દરે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે, ત્યારે દેશ હજુ પણ દર વર્ષે કાર્યબળમાં જોડાતા લાખો સ્નાતકો માટે પૂરતી રોજગારી ઊભી કરવામાં સંઘર્ષ કરી રહ્યો છે.

મદ્રાસ યુનિવર્સિટીના રાજકારણ અને જાહેર વહીવટ વિભાગના ભૂતપૂર્વ વડા તથા રાજકીય સમીક્ષક રામુ મણિવન્નને જણાવ્યું હતું કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે વિપક્ષી પક્ષો રસ્તાઓ પર દેખાતા આ અસંતોષને ચૂંટણીમાં વિજયમાં ફેરવી શકશે કે નહીં. તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં, ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ભાજપના જંગી વિજય પરથી સ્પષ્ટ થાય છે કે શાસક ભારતીય જનતા પાર્ટી હજુ પણ વિપક્ષની સરખામણીએ મજબૂત સ્થિતિમાં છે. તેમ છતાં, વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો અને તેમની સામે થયેલી પોલીસ કાર્યવાહીએ સરકારની છબીને નુકસાન પહોંચાડ્યું છે. મણિવન્નનના મતે નરેન્દ્ર મોદી રાજકીય રીતે વધુ એકલવાયા બન્યા છે અને હાલમાં અત્યંત રક્ષણાત્મક સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જેનઝીએ પુરવાર કર્યું છે કે પ્રચાર માધ્યમોના અસરકારક ઉપયોગથી સરકારને પણ ઝૂકાવી શકાય છે હવે ડર છે કે યુવાનો જે કોઈ માગણી મૂકશે, તેને માન્ય કરવાની સરકારને ફરજ પડશે**

# વોડાફોન આઇડિયા છ સર્કલમાં સ્પેકટ્રમને રીન્યુ કરશે નહીં

**આ માન્યતાનો** અંત મુંબઇ, બિહાર ઓડિશા, આંધ્રપ્રદેશ, આસામ અને જમ્મુ-કાશ્મીર સર્કલને અસર કરશે

મુંબઇ, તા. 27: વોડાફોન આઇડિયાના છ સર્કલમાં સ્પેકટ્રમની માન્યતા ડિસેમ્બરમાં સમાપ્ત થઇ જશે, જેની છેલ્લી માન્યતાની તારીખ 5 ડિસેમ્બર છે. કંપની સ્પેકટ્રમ રિન્યુ કરશે નહીં.

છ સર્કલમાં સ્પેકટ્રમની માન્યતા સમાપ્ત થવા જઇ રહી છે. સ્પેકટ્રમની માન્યતા ડિસેમ્બરમાં 6 સર્કલમાં સમાપ્ત થશે. 40 મેગાહર્ટઝ સ્પેકટ્રમની માન્યતા 5 ડિસેમ્બરની આસપાસ સમાપ્ત થશે, તે 900 મેગાહર્ટઝ અને 1800 મેગાહર્ટઝ બેન્ડના સ્પેકટ્રમને આવરી લે છે.

આ માન્યતાનો અંત મુંબઇ, બિહાર ઓડિશા, આંધ્રપ્રદેશ, આસામ અને જમ્મુ-કાશ્મીર સર્કલને અસર કરશે. જેમાં કંપની સ્પેકટ્રમ રિન્યુ કરશે નહીં. તેનાથr તેમને 5500-6000 કરોડ રૂપિયાની બચત થવાની સંભાવના છે. કંપનીનું કહેવું છે કે આનાથી ગ્રાહકોની સેવાઓ પર કોઇ અસર નહીં પડે. કંપની પાસે પુરતા પ્રમાણમાં 5જી સ્પેકટ્રમ ઉપલબ્ધ છે.

આ દરમ્યાન, નિષ્ણાતોનું કહેવું છે કે એઆઇ સંચાલિત ચિપ્સ અને ઘટકોની વધતી કિંમતોને કારણે ભારતીય ટેલિકોમ કંપનીઓ પાસે ઉપકરણોની કિંમતમાં વધારો થવા ઝઇ રહ્યો છે. વડાફોન આઇડિયા આમાં સૌથી વધુ અસરગ્રસ્ત થવાની ધારણા છે. કારણ કે કંપની હવે મોટા રોકાણ 5જી સેવા શરૂ કરવા જઇ રહી છે. વોડોફાન આઇડિયા માટે આ મુશ્કેલ સમય છે, કારણ કે કંપની હવે એરિકસન, નોકિયા અને સેમસંગને કોન્ટ્રાકટ આપ્યા બાદ 5જી રોલઆઉટ કરી રહી છે.

કંપનીના મોટા હરિફ રિલાયન્સ જિયો અ ભારતી એરટેલથી વિપરીત, જેમણે મોટાભાગે 5જી રોલઆઉટ પુર્ણ કર્યુ છે, વીઆઇ હવે તેના સૌથી મોટા રોકાણ ચક્રમાં પ્રવેશ કરી રહી છે, જે ઉંચા ખર્ચના બોજનું જોખમ લે છે. કદાચ આને ધ્યાનમાં રાખીને કંપનીએ પૈસા બચાવવા માટે સ્પેકટ્રમ રિન્યુ ન કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા એક સપ્તાહમાં શરેમાં 2.89 ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે એક મહિનામાં 6.69 ટકાનો ઘટાડો છે. 3 મહિનામાં આ શેરમાં 35.40 ટકાનો વધારો થયો છે. આ વર્ષે અત્યાર સુધીમાં તેમાં 21.93 ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આ શેરમાં એક વર્ષમાં 82.22 ટકા અ ત્રણ વર્ષમાં 54.25 ટકાનો વધારો થયો છે.

# સ્મોલકેપ સ્ટરલાઇટ ટેકનોએ સુંદર વળતર આપ્યું, હજુય 70 ટકા ઉછળવાની સંભાવના

**2026માં** સ્ટરલાઇટ ટેકનોમાં 450 ટકા રિટર્ન આપ્યું હતું

મુંબઇ, તા. 27: બ્રોકરેજ ફર્મ સીએલએસએ સ્ટરલાઇટ ટેકનોલોજીસના શેરમાં તેજી જોવા મળી રહી છે. કંપનીની જુન કવાર્ટરની રેકોર્ડ કમાણી પછી બ્રોકરેજ શેરને એક્યુમ્યુલેટથી આઉટપર્ફમમાં અપગ્રેડ કર્યુ હતું અને તેની લક્ષ્ય કિંમત રૂ. 655થી વધારીને રૂ. 950 કરી હતી, જે તેના બંધ ભાવ કરતા 68 ટકા વધારે છે. 2026માં અત્યાર સુધઈમાં, તેના રોકાણકારોને 450 ટકાનું મજબૂત વળતર આપ્યું છે.

સીએલએસએએ જણાવ્યું હતું કે, સ્ટરલાઇટ ટેકનોલોજીસની જુન કવાર્ટરની આવક રૂ. 1910 કરોડ તેના અંદાજ કરતા 20 ટકા વધુ છે, જે અગાઉના કવાર્ટરની તુલનામાં 33 ટકા અને વાર્ષિક ધોરણે 87 ટકા વધુ છે. બ્રોકરેજે અહેવાલ આપ્યો છે કે કંપનીનો ઓપ્ટીકલ વ્યવસાય, જે કુલ આવકમાં 96 ટકા ફાળો આપે છે, તે વાર્ષિક ધોરણે 34 ટકા અને વાર્ષિક ધોરણે 92 ટકા વધ્યો છે.

યુએસ રિસેટને કારણે ઇબીટા સતત 97 ટકા વધઈને રૂ. 385 કરોડ થઇ ગયું છે, જ્યારે માર્જિનમાં 20 ટકાનો વધારો થયો છે. કંપનીના તાજેતરના રૂ. 1500 કરોડના કયુઆઇપી અને અપેક્ષિત કરાત વધુ સારા પ્રથમ કવાર્ટરના પ્રદર્શનને જોતાં સીએલએસએએ નાણાકીય વર્ષ 2027-29 માટે તેની કમાણીની આગાહી 7 ટકા વધારીને 125 ટકા કરી છે અને કહ્યું છે કે કંપની હવે આ સમય દરમ્યાન વ્યાજ, કર અ કર પહેલાં તેની કમાણીમાં વધારો કરશે. અવમુલ્યન અને એમોર્ટાઇઝેશન તેને 62 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદર પર વૃદ્ધિ પામી શકે છે. જુન કવાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો લગભગ 20 ગણો વધીને રૂ. 197 કરોડ થયો છે, જ્યાર આવક 87 ટકા વધીને રૂ. 1910 કરોડ થઇ છે. એઆઇ ડેટા સેન્ટર્સ માટે ઓપ્ટીકલ કનેક્ટિવિટી ઉત્પાદનો સપ્લાય કરવા માટે 1.11 બિલિયન ડોલરનો મલ્ટીયર કરાર મેળવ્યો છે. બ્લુમબર્ગના એનાલિસ્ટની ભલામણો અનુસાર શેરને આવરી લેતા તમામ ચાર વિશ્લેષકોએ બાય રેટિંગ આપ્યું છે. સર્વસંમતિ લક્ષ્ય કિંમત રૂ. 674 છે, જેનો અર્થ એ છે કે 20 ટકાનો વધારો થશે. 2026માં અત્યાર સુધીમાં 474 ટકા વધ્યો છે, જે છેલ્લા 12 મહિનામાં આશરે 364 ટકા ઉછળ્યો હતો.

# સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવી શકે

**રિચ** ડેટ-પુઅર ડેટના લેખક અને પ્રખ્યાત રોકાણકાર કિયોસાકીનો દાવો

નવી દિલ્હી, તા. 27: પ્રખ્યાત રોકાણકાર અને પ્રખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ'નાલેખક રોબર્ટ કિયોસાકીની તાજેતરની પોસ્ટથી રોકાણકારોને મોટી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થઇ રહ્યો છે, જેના કારણે રોકાણકારો પરેશાન થયા છે. હવે સોના અને ચાંદીના ભાવ અંગે રોબર્ટ કિયોસાકી કહે છે કે આગામી સમયમાં મોટી તેજી આવી શકે છે. તેમનું કહેવું છે કે ભલે આ સમયે અર્થવ્યવસ્થા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે, પરંતુ આવા સમયે સોના અને ચાંદીમાં રોકાણના વધુ સારા વિકલ્પો છે. સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં તેણે લખ્યું છે કે પ્રખ્યાત રોકાણકાર જિમ રોજર્સ કહે છે કે સોનું અને ચાંદી આસમાને પહોંચવા જઇ રહ્યા છે. પરંતુ વચ્ચે પણ ઘટાડો થશે. જેમ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કિયોસાકીએ પોતાની પોસ્ટમાં સોનાના ભાવ વિશે લખ્યું હતું કે તાજેતરમાં જ સોનું 5405 ડોલરની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું પરંતુ તે પછી તે ઘટીને 4006 ડોલર થઇ ગયું હતું. ચાંદી સાથે પણ આવું જ થયું, જે તેના ઉચ્ચ સ્તરથી ઘટીને હવે 56 ડોલર થઈ ગયું છે. રોબર્ટ કિયોસાકી કહે છે કે સટ્ટાખોરો સોનું અને ચાંદી ઊંચા ભાવે ખરીદે છે અને તેને ઓછા ભાવે વેચે છે. તેમનું કહેવું છે કે આ સમયે વિશ્વની અર્થવ્યવસ્થા મુશ્કેલીમાં છે, આવા સમયે નેતાઓ અથવા કેન્દ્રીય બેંક પર વિશ્વાસ નથી. તે જ સમયે, તેણે ફરી એકવાર સોના અને ચાંદીના ભાવમાં મોટા વધારાની આગાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોમોડિટી માર્કેટમાં સોના અને ચાંદીના ભાવે 29 જાન્યુઆરી 2026 ના રોજ ઓલટાઇમ રેકોર્ડ બનાવ્યો હતો. પરંતુ આ સમયે આંતરરાષ્ટ્રીય બજારથી સ્થાનિક કોમોડિટી બજારોમાં ભાવ ઘટી રહ્યા છે. સાપ્તાહિક ધોરણે પણ સોના અને ચાંદીના ભાવમાં લગભગ 13 ટકાનો ઘટાડો થયો છે.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ,, | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ ,, | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ ,, | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

# 17 જુલાઈ સુધીમાં FCNR(B) થાપણો $17.4 બિલિયન પહોંચી

**એફસીએનઆર**-બી 2013ના રેકોર્ડને વટાવી જવાનું અનુમાન

મુંબઈ, તા. 27: બિન ભારતીય પાસેથી ફોરેન કરન્સી ડિપોઝિટ (એફસીએનઆર-બી) માત્ર 45 દિવસમાં 2013ના રેકોર્ડને વટાવી શકે છે. આરબીઆઈએ વિદેશી ચલણના પ્રવાહને વધારવા લીધેલા પગલાની અસર જણાઈ છે અને 17 જુલાઈ સુધીમાં કુલ $20.7 બિલિયનનો પ્રવાહ નોંધાવ્યો હતો, જેમાં FCNR(B) થાપણો દ્વારા $17.4 બિલિયનનો સમાવેશ થાય છે. વિદેશી ચલણનો કુલ પ્રવાહ $80-85 બિલિયન જોવા મળે તેવી શક્યતા છે.

SBI રિસર્ચ અનુસાર, ભારતમાં વિદેશી ચલણ બિન-નિવાસી (બેંક) થાપણોનું એકત્રીકરણ ફક્ત 45 દિવસમાં 2013 ની ખાસ થાપણ યોજના દરમિયાન એકત્ર કરાયેલી કુલ રકમ કરતાં વધી ગયું જશે, તેમજ RBIના વર્તમાન પગલાં હેઠળ કુલ પ્રવાહ આખરે $80-85 બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે.

હાલમાં ચાલી રહેલા પ્રવાહને ધ્યાનમાં લઈએ તો. વલણોના આધારે, SBIનો અંદાજ છે કે FCNR(B) થાપણો 2013 યોજના દરમિયાન એકત્રિત કરવામાં આવેલા $26 બિલિયનને વટાવી જશે, જેને પ્રાપ્ત કરવામાં લગભગ ત્રણ મહિના લાગ્યા હતા. SBI રિસર્ચ હવે યોજના બંધ થાય ત્યાં સુધીમાં FCNR(B) થાપણો $65-70 બિલિયનનો અંદાજ લગાવે છે, જે તેના અગાઉના $40-45 બિલિયનના અંદાજ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઇંગ્સ (OFCBs) અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સ (ECBs) સહિત, રિપોર્ટમાં કુલ ઇનફ્લો $80-85 બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે.

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૫૫૦ |
| તેજાબી સોનું | ૧૪૮૪૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૧૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૫૫૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૫૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૨૫૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૭૫૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-30 | ૫૦૦૦ |
| એસ-30 | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹9
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
+(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત.

નોકરી વિષયક

**જોઈએ છે**
મેલ/ ફિમેલ જીમ ટ્રેનર ફુલટાઈમ મો. નંબરઃ 8690892808 સરીતા સાગર સંકુલ, સુરત. (230)

**લોન માર્કેટિંગ/**
સેલ્સ માટે છોકરા જોઈએ. કતારગામ, સુરત. 9925847982, 7623991486

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**વકીલ, CA,**
આર્કીટેક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 9879276073

**વેચાણ માટે-**
9727892597
437 કારપેટ ભાડા સાથે પાલ ગૌરવપથ, અડાજણ, સુરત.

**વેચાણ માટે-**
9727892597
1785- કારપેટ- પ્રથમમાળ- ભાડા સાથે હનીપાર્ક રોડ - અડાજણ,- સુરત.

**વેચવાના છે**
રો- હાઉસ ઓલપાડ સાયણ રોડ પર (રોડ ટચ) Block No. 4 386, 387 (કોર્નર + ગાર્ડન) આરજો મારજો કરવામા આવશે. સુરત 9925055555

**વેચવાની છે**
2.5 વિઘા જમીન મોરભગવા ઓલપાડ (રોડ ટચ) આરજો મારજો કરવામા આવશે. સુરત. 9925055555

મિલ્કત ભાડે -વેચાણ

**મહિધરપુરા,**
હરિપુરા, રામપુરામાં ફ્લેટ, પ્લોટ, મકાન લે- વેચ ભાડે માટે મળો. 9879276073

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*